# હોર્મુઝની સામુદ્રધુની ચીનના સિલ્ક રૂટનો એક ભાગ હતી

ઇઝરાયલ-અમેરિકન સંયુક્ત હુમલામાં ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનીના મૃત્યુ બાદ મધ્ય પૂર્વમાં સંઘર્ષ તેની ચરમસીમાએ પહોંચી ગયો છે. ઈરાને ઈઝરાયલ, બહેરીન, કુવૈત અને કતારમાં અમેરિકન લશ્કરી થાણાંઓને નિશાન બનાવીને બદલો લીધો છે. વધુમાં, તેણે દરિયાઈ પરિવહન માટે મહત્ત્વપૂર્ણ ગણાતા હોર્મુઝ સ્ટ્રેટ તરીકે ઓળખાતા સાંકડા માર્ગને બંધ કરી દીધો છે, જેને કારણે દુનિયામાં ઉર્જાની કટોકટી પેદા થાય તેમ છે. વિશ્વ આ સાંકડા માર્ગને ફરીથી ખોલવાના ઉપાયો ખોળી રહ્યું છે, કારણ કે તેમાંથી તેલ જહાજોની અવરજવર લગભગ બંધ થઈ ગઈ છે.




હોર્મુઝ સ્ટ્રેટ એ ઈરાન અને ઓમાન વચ્ચેનો એક સાંકડો દરિયાઈ માર્ગ છે. તે ઉત્તરમાં પર્શિયન ગલ્ફને ઓમાનના અખાત સાથે અને દક્ષિણમાં અરબી સમુદ્ર સાથે જોડે છે. હોર્મુઝ સ્ટ્રેટ તેના સૌથી સાંકડા બિંદુએ ફક્ત ૩૩ કિલોમીટર પહોળી છે, જ્યારે તેલ ટેન્કરોના પસાર થવા માટે નિયુક્ત કરાયેલી શિપિંગ લેન ફક્ત ૩ કિલોમીટર પહોળી છે. હોર્મુઝ સ્ટ્રેટ ઈરાન અને ઓમાનની જળસરહદમાં આવે છે, પણ તેને એક આંતરરાષ્ટ્રીય જળમાર્ગ માનવામાં આવે છે, જે દુનિયાભરની સ્ટીમરોને પસાર થવા દે છે. દુબઈનું ઘર ગણાતું સંયુક્ત આરબ અમીરાત પણ આ માર્ગની નજીક આવેલું છે.

અમેરિકા-ઇઝરાયલના સંયુક્ત હુમલા બાદ વધી રહેલા તણાવને કારણે ઈરાને આ માર્ગે પસાર થતાં જહાજોને ચેતવણી આપી છે. આનાથી હોર્મુઝ સ્ટ્રેટના માર્ગે ખનિજ તેલ અને કુદરતી ગેસના જહાજોની અવરજવર લગભગ બંધ થઈ ગઈ છે. કેટલાંક જહાજો આ માર્ગ છોડીને જતા જોવા મળ્યા છે, પરંતુ કોઈ નવાં જહાજો પ્રવેશતા જોવા મળ્યાં નથી. આધુનિક સમયમાં હોર્મુઝ સ્ટ્રેટ વિશ્વના સૌથી મહત્ત્વપૂર્ણ ઊર્જા કોરિડોરમાંનો એક બની ગયો છે. સાઉદી અરેબિયા, ઈરાન, ઇરાક, કુવૈત, કતાર, બહેરીન અને યુએઈથી ક્રૂડ તેલ અને એલએનજી વહન કરતાં વિશાળ ટેન્કરો તેમાંથી પસાર થાય છે. આ ઉર્જા પુરવઠાનો નોંધપાત્ર હિસ્સો એશિયન દેશો, ખાસ કરીને ચીનને જાય છે.

**ટાઇમ લાઇન**
**-સંજય વોરા**

વિશ્વના તેલ પુરવઠાનો આશરે ૨૦% હિસ્સો આ માર્ગ દ્વારા પસાર થાય છે. સરેરાશ, દરરોજ ૨ કરોડ બેરલથી વધુ ક્રૂડ તેલ અને ઇંધણ તેના દ્વારા મોકલવામાં આવે છે. વિશ્વના સૌથી મોટા કુદરતી ગેસના નિકાસકારોમાંનો એક કતાર તેનો લગભગ તમામ કુદરતી ગેસ આ માર્ગ દ્વારા મોકલે છે. સાઉદી અરેબિયા અને યુએઈ પાસે તેલ અને ગેસ કેટલાક પાઈપલાઈનના વિકલ્પો છે, પણ નિષ્ણાતો કહે છે કે મોટા ભાગના તેલ પુરવઠા માટે હોર્મુઝ સ્ટ્રેટનો કોઈ વ્યવહારુ વિકલ્પ નથી. હોર્મુઝ સ્ટ્રેટમાં કોઈપણ વિક્ષેપથી પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો થઈ શકે છે અને ફુગાવો વધી શકે છે.

**વિશ્વના તેલ પુરવઠાનો આશરે ૨૦% હિસ્સો આ માર્ગ દ્વારા પસાર થાય છે. દરરોજ ૨ કરોડ બેરલથી વધુ ક્રૂડ તેલ અને ગેસ તેના દ્વારા મોકલવામાં આવે છે**



પ્રાચીન સમયમાં પણ હોર્મુઝ સ્ટ્રેટ એક મુખ્ય વેપાર માર્ગ હતો. ચીનથી તેમ જ ભારતથી રેશમ, પોર્સેલિન, હાથીદાંત અને કાપડ જેવા પદાર્થો આ માર્ગ દ્વારા પશ્ચિમી દેશોમાં જતા હતા. હોર્મુઝની સામુદ્રધુની ઘણી વખત ભૂ-રાજકીય તણાવનું કેન્દ્ર રહી છે. ૧૯૭૩ના આરબ-ઈઝરાયલ યુદ્ધ દરમિયાન હોર્મુઝ સ્ટ્રેટના માર્ગે ખનિજ તેલની નિકાસ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. ૧૯૮૦-૧૯૮૮ના ઈરાન-ઈરાક યુદ્ધ દરમિયાન બંને દેશોએ હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતાં એકબીજાના તેલના ટેન્કરોને નિશાન બનાવ્યા હતા, જેના કારણે તે યુદ્ધ ટેન્કર યુદ્ધ તરીકે જાણીતું બન્યું હતું. ૨૦૧૨માં ઈરાને પશ્ચિમી પ્રતિબંધોના જવાબમાં આ માર્ગ બંધ કરવાની ધમકી આપી હતી. ૨૦૧૯માં યુએઈના દરિયાકાંઠે અનેક ટેન્કરો પર હુમલો કરવામાં આવ્યો હતો. તાજેતરનાં વર્ષોમાં ઈરાને હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતાં કેટલાંક જહાજો કબજે પણ કર્યાં છે. બહેરીનમાં મુખ્ય મથક ધરાવતાં અમેરિકન નૌકાદળનો પાંચમો કાફલો આ પ્રદેશમાં વેપારી જહાજોનું રક્ષણ કરવા માટે જવાબદાર છે. જો કે, સીધા સંઘર્ષની પરિસ્થિતિમાં અમેરિકાની મજબૂત લશ્કરી હાજરી પણ જોખમને સંપૂર્ણપણે દૂર કરી શકતી નથી. જો હોર્મુઝ સ્ટ્રેટ અસ્થાયી રૂપે બંધ થઈ જાય, તો પણ તે વૈશ્વિક ઉર્જા પુરવઠા પર ગંભીર અસર કરશે.

૧૯૮૦ના દાયકામાં ઈરાન-ઈરાક યુદ્ધ દરમિયાન આ દરિયાઈ અવરોધક બિંદુ સંઘર્ષનું મેદાન બની ગયું. ટેન્કર યુદ્ધમાં દરેક પક્ષે એકબીજાની ઊર્જા નિકાસને ડૂબાડવાનો પ્રયાસ કર્યો હતો. કુવૈતી તેલ ટેન્કરોને નિશાન બનતા અટકાવવા માટે તેમને અમેરિકન શિપિંગ રજિસ્ટ્રી હેઠળ રિફ્લેગ કરવામાં આવ્યા હતા. જોકે ક્રૂડ ઓઇલનો પ્રવાહ ચાલુ રહ્યો હતો, છતાં હોર્મુઝ સ્ટ્રેટમાં કાર્યરત જહાજો માટે દરિયાઈ વીમાના દરમાં ૪૦૦% નો વધારો થયો હતો. વીમાના ઊંચા ખર્ચને કારણે વિશ્વભરમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો થયો હતો. હવે ફરી તેનું પુનરાવર્તન થઈ શકે છે.

હોર્મુઝ સ્ટ્રેટમાં કોઈપણ વિક્ષેપનો સૌથી વધુ સામનો કરનારા દેશોમાં ભારતનો પણ સમાવેશ થાય છે. ભારત તેની ક્રૂડ ઓઇલની જરૂરિયાતોના ૮૫% થી વધુ આયાત કરે છે. આ શિપમેન્ટનો મોટો હિસ્સો મધ્ય પૂર્વમાંથી ઉદ્ભવે છે અને તે હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થાય છે. અંદાજો સૂચવે છે કે ભારતના ક્રૂડ ઓઇલ અને નેચરલ ગેસની આયાતનો લગભગ ૫૦-૫૫% હિસ્સો હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા થાય છે, જેના કારણે ભારત દેશ આ શિપિંગ રૂટની સ્થિરતા પર ભારે નિર્ભર છે. ભારતનો વ્યૂહાત્મક પેટ્રોલિયમ ભંડાર હાલમાં ફક્ત આઠથી નવ દિવસની ખનિજ તેલની માંગને આવરી લે છે અને ભારત પાસે કુદરતી ગેસ માટે કોઈ તુલનાત્મક વ્યૂહાત્મક ભંડાર નથી.

જો આ વિક્ષેપ ખૂબ જ ટૂંકા ગાળા માટે ચાલુ રહે, તો પણ ખનિજ તેલ અને કુદરતી ગેસના પુરવઠા બાજુનો તણાવ ઝડપથી વધી શકે છે.

ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સના કમાન્ડર-ઈન-ચીફના સલાહકાર ઈબ્રાહિમ જબારીએ ધમકી આપી છે કે હોર્મુઝ સ્ટ્રેટ હવે બંધ છે. જો કોઈ જહાજ ત્યાંથી પસાર થવાનો પ્રયાસ કરશે તો નૌકાદળના કર્મચારીઓ તે જહાજને આગ લગાવી દેશે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બાંયધારી આપી છે કે હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતાં વેપારી જહાજોને અમેરિકાના નૌકાદળ દ્વારા સુરક્ષા પ્રદાન કરવામાં આવશે, પણ ઈરાનની ધમકીની ઉપરવટ જઈને તેમ કરવામાં ભારોભાર જોખમ રહેલું છે.●



# 'ડિજિટલ ડિટોક્સ' તરીકે થિયેટર ઉત્તમ !

નાટક એ માનવ સંસ્કૃતિનું સૌથી જૂનું અને જીવંત કલાસ્વરૂપ છે. જ્યારે સિનેમા કે OTT પ્લેટફોર્મ નહોતા, ત્યારે નાટક જ મનોરંજન અને સામાજિક સંદેશનું મુખ્ય માધ્યમ હતું. આજે ડિજિટલ યુગમાં જ્યારે બધું જ આંગળીના ટેરવે ઉપલબ્ધ છે, ત્યારે પ્રશ્ન એ થાય કે 'થિયેટર ડ્રામાની હાલની સ્થિતિ શું છે અને તેનું ભવિષ્ય કેવું હશે?'

નિષ્ણાતોના મતે, થિયેટર ક્યારેય મરવાનું નથી; ઉલટાનું, તે એક નવા અને વધુ શક્તિશાળી સ્વરૂપમાં ઉભરી રહ્યું છે.

થિયેટર ડ્રામાની હાલની સ્થિતિને જોઈએ તો નાટ્ય કલા હાલ પડકારોનો સામનો કરી રહ્યું છે. આ પડકારોની વાત કરીએ તો તેમાં પ્રેક્ષકોની સંખ્યા સૌથી મોટું કારણ છે. કોરોનાકાળ પછી પ્રેક્ષકોની મનોરંજન માણવાની આદતો બદલાઈ ગઈ હતી, છતાં લાઈવ એક્ટિંગનો ક્રેઝ ઘટ્યો નથી. ખુશી એ બાબતની છે કે હવે નાટ્ય જોવાવાળા પ્રેક્ષકોની રૂચિ વધી રહી છે.

અત્યારનો સમાજ સ્ક્રિન જોઈને થાક્યા છે. અને મનોરંજનનું ઉત્તમ માધ્યમ જો કોઈ હોય તો તે નાટ્ય-થિયેટર જ છે. થિયેટરમાં લોકોને લાઈવ એક્ટિંગ અને કોઈ કટ કે રી-ટેક વગર પ્યોર ફોર્મમાં એક્ટિંગ માણવાનો અનુભવ થાય છે. થિયેટરમાં પ્રેક્ષક અને કલાકાર



વચ્ચે જે 'ડાયરેક્ટ કનેક્શન' હોય છે, તે ટીવી કે મોબાઈલમાં શક્ય નથી.

**કર્ટનકોલ**



આપણે અહીં માત્ર ગુજરાતી નાટકોની વાત નથી કરી રહ્યા, હિન્દી, મરાઠી, બંગાળી વગેરે ભાષા અને પ્રદેશની વાત થઈ રહી છે.

થિયેટર આજે પણ ખૂબ જ મજબૂત છે. મુંબઈ જેવા શહેરોમાં ગુજરાતી નાટકો આજે પણ હાઉસફુલ જાય છે, જે દર્શાવે છે કે કન્ટેન્ટ જો દમદાર હોય તો પ્રેક્ષકો ચોક્કસ આવે છે.

હવે માત્ર કોમેડી કે ફેમિલી ડ્રામા જ નહીં, પણ સામાજિક મુદ્દાઓ, માનસિક સ્વાસ્થ્ય અને રાજકીય વિષયો પર 'એક્સપેરિમેન્ટલ' નાટકો થઈ રહ્યા છે. યુવા પેઢી આવા ગંભીર વિષયોમાં રસ લઈ રહી છે.

### ભવિષ્યમાં થિયેટરની વેલ્યૂ કેમ વધશે?

નિષ્ણાતો માને છે કે આવનારા ૫-૧૦ વર્ષોમાં થિયેટરની કિંમત અને પ્રતિષ્ઠામાં મોટો ઉછાળો આવશે.

કેમ કે હાલમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને વર્ચ્યુઅલ રિયાલિટી એટલી બધી વધી ગઈ છે, એટલે માણસ 'અસલી' અનુભવો માટે તરસી રહ્યો છે. લગભગ દરેક ક્ષેત્રમાં AI-AIનો દબદબો વધી ગયો છે. થિયેટર એ એકમાત્ર જગ્યા છે જ્યાં બધું જ 'રીયલ' હોય છે. રીયલ લોકેશન, રીયલ ઈમોશન્સ અને રીયલ લોકો. આ 'ડિજિટલ ડિટોક્સ'ની જરૂરિયાત થિયેટરની વેલ્યૂ વધારી રહ્યો છે.

બીજી બાજુ ભવિષ્યના થિયેટર માત્ર સ્ટેજ પૂરતું મર્યાદિત નહીં રહે. નિષ્ણાતોના મતે, હવે 'ઈમર્સિવ થિયેટર'નો યુગ આવી રહ્યો છે, જ્યાં પ્રેક્ષકો માત્ર ખુરશી પર બેસીને જોશે નહીં, પણ નાટકનો ભાગ બનશે. હાઈ-ટેક લાઈટિંગ, ઉડી સાઉન્ડ ઈફેક્ટ્સ અને હોલોગ્રામનો ઉપયોગ નાટકને એક નવો જ આયામ આપશે. જેના કારણે લોકો આ અનુભવ લેવા વધુ સંખ્યામાં નાટકો જોવા જશે અને નાટ્યકલા ક્ષેત્ર ઉત્તમ સ્થાન પ્રાપ્ત કરશે.

આજે પણ બોલિવૂડ કે ગ્લોબલ સિનેમામાં જે શ્રેષ્ઠ એક્ટરો છે (જેમ કે નસીરુદ્દીન શાહ, મનોજ બાજપાઈ કે પ્રતીક ગાંધી), તેઓ થિયેટરની જ દેન છે. હાલમાં જ પ્રતીક ગાંધીનો એક ઈન્ટરવ્યૂ જેમાં પ્રતીક ગાંધીએ કહ્યું હતું કે, થિયેટરમાં કામ કરતા કલાકારને પ્રોત્સાહન આપવું જોઈએ. ભવિષ્યમાં કાસ્ટિંગ ડિરેક્ટર્સ માટે થિયેટર એ 'ટેલેન્ટ ફિલ્ટર' તરીકે કામ કરશે. જે સ્ટેજ પર પર્ફોર્મ કરી શકે, તે ગમે ત્યાં કરી શકે આ માન્યતા થિયેટર આર્ટિસ્ટ્સની વેલ્યૂ વધારશે.

નિષ્ણાતો માને છે કે કન્ટેન્ટ ઈઝ કિંગ, હવે પ્રેક્ષકોને જૂની પદ્ધતિના નાટકોમાં રસ નથી. જો લેખકો આજના સમયના પ્રશ્નો, જેમ કે ક્લાયમેટ ચેન્જ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની અસર કે બદલાતા સંબંધો પર લખશે, તો થિયેટર ક્યારેય પાછળ નહીં પડે.

અગાઉ નાટકને માત્ર શોખ ગણવામાં આવતો હતો, પણ હવે તે એક પ્રોફેશનલ કરિયર બની રહ્યું છે. કોર્પોરેટ સ્પોન્સરશિપ અને ટિકિટિંગ એપને કારણે નાટકોની કમાણી વધી રહી છે.

નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા (NSD) એ હવે 'નાટ્યમ' (Natyam)

**આજે ડિજિટલ યુગમાં જ્યારે બધું જ આંગળીના ટેરવે ઉપલબ્ધ છે, ત્યારે પ્રશ્ન એ થાય કે 'થિયેટર ડ્રામાની હાલની સ્થિતિ શું છે અને તેનું ભવિષ્ય કેવું હશે?'**

નામનું OTT પ્લેટફોર્મ પણ લોન્ચ કર્યું છે, જેથી થિયેટરના ઉત્કૃષ્ટ નાટકો ડિજિટલ માધ્યમથી ઘર-ઘર સુધી પહોંચી શકે. આનાથી થિયેટરની વેલ્યૂ અને પહોંચમાં અનેકગણો વધારો થશે.

નવી શિક્ષણ નીતિ (NEP) મુજબ, શાળાઓમાં નાટક અને કલાને મહત્વ અપાઈ રહ્યું છે. આનાથી આવનારી પેઢીમાં થિયેટર પ્રત્યે સમજ અને રૂચિ કેળવાશે.

પડકારો જેની સામે લડવું પડશે, ભલે ભવિષ્ય ઉજ્જવળ હોય, પણ અમુક પડકારો હજુ પણ છે.

નાટકો જ્યાં ભજવાતા હોય તેવા ઓડિટોરિયમ ખૂબ મોંઘા હોય છે, જે નાટકોની પ્રોડક્શન કોસ્ટમાં વધારો કરે છે. જેની સામે ટિકિટના ભાવ પણ વધારે હોય છે. એટલે પ્રેક્ષકગણ મર્યાદિત આવે છે. બીજું એક મોટું કારણ છે માર્કેટિંગનો અભાવ. જેમ ફિલ્મોનું માર્કેટિંગ થાય છે તેમ નાટકોનું મોટું માર્કેટિંગ થતું નથી. જેના કારણે લોકો સારા સારા નાટકો જોવા વગર જ રહી જાય છે. લોકો સુધી નાટકોના પ્રચાર કરવા માટે હાલમાં સોશિયલ મીડિયાનો ઉપયોગ સૌથી બેસ્ટ છે. થિયેટર એ માત્ર મનોરંજન નથી, પણ માનવ લાગણીઓનું દર્પણ છે. સિનેમા આપણને 'બતાવે' છે, જ્યારે થિયેટર આપણને 'અનુભવાવે' છે. નજીકના ભવિષ્યમાં થિયેટર એક 'પ્રીમિયમ આર્ટ ફોર્મ' તરીકે ઓળખાશે. જેમ જૂની વાઈન વધુ કિંમતી બને છે, તેમ ટેકનોલોજીના આક્રમણ વચ્ચે થિયેટરની 'જીવંતતા' તેની સૌથી મોટી તાકાત અને વેલ્યૂ બનશે.

ટૂંકમાં, થિયેટર ડ્રામા ગઈકાલે પણ હતું, આજે પણ છે અને આવતીકાલે વધુ તેજસ્વી રીતે અસ્તિત્વમાં રહેશે. કારણ કે જ્યાં સુધી માણસમાં સંવેદના છે, ત્યાં સુધી તેને સ્ટેજ પર રજૂ થતી સંવેદના જોવી ગમશે જ.●

અનુસંધાન પાના એકનું

## નો નોનસેન્સ

ભારતના સદભાગ્યે ભારતને હાર્ડવેર પર કામ કરનારા શાસકો મળ્યા અને ભારત શક્તિના માપદંડ પર કેન્દ્રબિંદુની આગળ-પાછળ કોઈને કોઈ સ્થાન ધરાવે છે એ તેમના થકી, પણ એ પછી પણ ભારત એટલી શક્તિ નથી ધરાવતું કે કોઈને નુકસાન પહોંચાડે કે કોઈને મોટો ફાયદો કરાવી આપે. જગતમાં સોએક દેશો એવા પણ છે જેમને આવા શાસકો નથી મળ્યા અને તેમની કોઈ ગણના નથી. પડોશમાં પાકિસ્તાન આનું ઉદાહરણ છે. ઈસ્લામ મહાન, ઈસ્લામના દુશ્મનો ધરતી પરના એક માત્ર મહાન અને સાચા ધર્મના દુશ્મનો છે, આપણો ઈતિહાસ ગૌરવવંતો છે, આપણે મઝહબ માટે પ્રાણ પણ ન્યોચ્છાવર કરી શકીએ એવી બહાદુર પ્રજા છીએ વગેરેનું રટણ ત્યાંના શાસકો કરતા રહ્યા અને પાકિસ્તાન રાજ્યનું હાર્ડવેર વિકસાવવા પર ધ્યાન ન આપ્યું. માટે રાજ્ય નામનું હાર્ડવેર હોય તો રાષ્ટ્રીય કે બીજી કોઈ અસ્મિતાનું સોફ્ટવેર કામ કરે, માત્ર સોફ્ટવેર કોઈ ઉપયોગનું નથી.

તો પછી ભારતના શાસકોએ શું કરવું જોઈએ? બે કામ કરવાં જોઈએ. એક તો હાર્ડવેર વિકસાવવા પર ધ્યાન આપવું જોઈએ, પણ એ આવતીકાલ માટેની ખેતી છે અને એમાં તાત્કાલિક જયજયકાર થવાનો નથી. બીજું જ્યાં સુધી કોઈને નુકસાન પહોંચાડવા જેટલી કે મદદરૂપ થવા જેટલી સાચી રોકડી તાકાત ન રળો ત્યાં સુધી માણસાઈ અને મૂલ્યોના પક્ષે ઊભા રહેવામાં ફાયદો છે. (આપણે સ્વાર્થને કેન્દ્રમાં રાખીને વિવેચના કરી રહ્યા છીએ, મૂલ્યોની વાત નથી કરતા) જેના હાથમાં લાઠી એની ભેંસના ન્યાયમાં માનનારા માથાભારે લોકોને પડખે ઊભા રહેવામાં કોઈ ફાયદો નથી. ટ્રમ્પનું ભારત પ્રત્યેનું વલણ આનું ઉદાહરણ છે. ચીનનું વલણ આનું બીજું ઉદાહરણ છે. શી ઝિંગપીંગના ઓવારણા લેવામાં પણ કાંઈ બાકી નહોતું રાખ્યું. મૂલ્ય આધારિત વૈશ્વિક વ્યવસ્થા હશે, સ્થિરતા હશે, સભ્યતા હશે, મર્યાદા હશે તો તેમાં ભારતને ફાયદો થવાનો છે. તાકાતવાન થવા માટે હજી ઘણી મઝલ કાપવાની છે અને તેને માટે જદ્દોજહદ કરવાની તક મળવી જોઈએ. જેના હાથમાં લાઠી એની ભેંસના ન્યાયમાં માનનારાઓ બીજાને તક આપતા નથી અને તકના અધિકારને સ્વીકારતા પણ નથી. નરેન્દ્ર મોદીને એમ લાગતું હતું કે તાકાતવાનોના પડખામાં ઘૂસી જશું તો તેઓ આપણને પણ માનસન્માન અને સ્થાન આપશે. પણ આવું બનતું નથી. પાકિસ્તાન અમેરિકાના પડખામાં ઘૂસી ગયું હતું એ પછી તેને બદલામાં શું મળ્યું? પોતાની તાકાત એ પોતાની તાકાત છે.


કોંગ્રેસના હિન્દુવાદીઓને અને હિન્દુ રાષ્ટ્રવાદીઓને ઈઝરાયેલની સ્થાપના થઈ ત્યારથી ઈઝરાયેલનું બહુ ઘેલું છે. કારણ એ કે ઈઝરાયેલ મુસ્લિમ દેશોથી ઘેરાયેલું છે અને ઝીંક ઝીલે છે. પણ હિન્દુ રાષ્ટ્રવાદીઓને એ નથી સમજાતું કે ઈઝરાયેલે કેવળ યહૂદી રાષ્ટ્રવાદ, હિબ્રુ ભાષાનું પુરુત્થાન, વૈશ્વિક યહૂદી એકતા, ઈતિહાસના ઘાવને રૂઝાવા નહીં દેવા અને તેની યાદ આપાવતા રહેવું, યહૂદીઓના દુશ્મનોની યાદ આપાવતા રહેવું અને ડરાવતા રહેવું વગરે પર જ માત્ર ધ્યાન નહોતું આપ્યું, તેણે યહૂદી રાષ્ટ્ર ઈઝરાયેલ નામનાં રાજ્ય પર પણ ધ્યાન આપ્યું હતું.

તો સવાલ એ છે કે આપણે મૂલ્યો અને મર્યાદા પર આધારિત વૈશ્વિક વ્યવસ્થાની વાત જવા દઈએ અને માત્ર ભારતના સ્વાર્થની દૃષ્ટિએ વિચારીએ તો ભારતે અત્યારે શું કરવું જોઈએ? અમેરિકા અને ઈઝરાયેલને ટેકો આપવો જોઈએ? ઈરાનને ટેકો આપવો જોઈએ કે પછી તટસ્થ રહીને મૂલ્ય તેમ જ મર્યાદા આધારિત વૈશ્વિક મર્યાદા જળવાઈ રહે એવી ભૂમિકા લેવી જોઈએ? એટલા માટે નહીં કે આપણે મૂલ્યોને વરેલા છીએ, પણ એટલા માટે કે તેમાં આપણો સ્વાર્થ છે. શું ભૂમિકા લેવી જોઈએ?

ભારતના એક કરોડ લોકો પશ્ચિમ એશિયાનાં મુસ્લિમ દેશોમાં કામધંધો કરે છે. ઈઝરાયેલમાં ભારતીયોની વસ્તી માત્ર ૪૦,૦૦૦ છે. ભારતની ખનીજ તેલની કૂલ જરૂરિયાતમાં ઈરાન અને આરબ દેશોનો હિસ્સો ૫૫ ટકા છે. ઈરાન પર અમેરિકાએ પ્રતિબંધ મૂક્યા એ પહેલાં મુસ્લિમ દેશોમાંથી આયાત કરાનારા ખનીજ તેલમાં ઈરાનનો હોસ્સો ૧૨ ટકાનો હતો. (ચીન અમેરિકાના પ્રતિબંધને ગાંઠતું નથી અને ગણતરીના ગ્રાહક તરીકે પાણીના ભાવે ઈરાની તેલ ખરીદે છે. અગેન ચીની રાજ્યના મજબૂત હાર્ડવેરે રળી આપેલી તાકાત) ઈઝરાયેલ પાસે એટલું ખનીજ તેલ નથી કે નિકાસ કરે. ઈરાન એક માત્ર દેશ છે જે ભારત સાથે તેલનો વ્યાપાર ડૉલરની જગ્યાએ રૂપિયામાં કરે છે અને ત્રણ અઠવાડિયાની ઉધારી આપે છે. પાકિસ્તાનને બાયપાસ કરીને યુરોપ અને મધ્ય એશિયા પહોંચવા માટે જળમાર્ગ અને જમીન માર્ગ ઈરાનથી જાય છે. ચીનના વિસ્તાર અને વગને ખાળવા ઈરાન સાથે મળીને ઓમાનના અખાતમાં ચાબહાર બંદર વિકસાવવાની ભારતે ભાગીદારી કરી છે. ઈરાન શિયાબહુલ દેશ છે અને યુનોમાં એક કરતાં વધુ વખત સુન્નીબહુલ પાકિસ્તાનની વિરુદ્ધ ભારતનાં પડખે ઊભું રહ્યું છે. ઈરાન સાથે ભારતનો ખટરાગ થયો હોય એવી કોઈ ઘટના ઈતિહાસમાં બની નથી. આની સામે ઈઝરાયેલ પાસેથી શસ્ત્રસામગ્રી મેળવવા સિવાય ભારતને કોઈ બીજો લાભ મળતો નથી. (હા, વર્તમાન શાસકોને રાજકીય વિરોધીઓ પર જાસૂસી કરવા પેગાસસ નામનું સ્પાયવેર ઈઝરાયેલ પાસેથી મળ્યું છે) તો કેવળ લાભાલાભની દૃષ્ટિએ વિચારીએ તો ઈરાનને મદદ કરવામાં ભારતને ફાયદો છે, પણ જો તેમાં જોખમ નજરે પડતું હોય (અને જોખમ છે જ) તો તટસ્થ રહેવું જોઈએ અને યુદ્ધનો સભ્યભાષામાં વિરોધ કરવો જોઈએ. સીધો ટેકો આપ્યા વિના મૂલ્યોના પડખે ઊભા રહીને પણ જેની સાથે અન્યાય થતો હોય તેને મદદ કરી શકાય છે.

પણ આપણા સાહેબ તો હંમેશની માફક ચૂપ છે. તેમની સરસ્વતી નેહરુને ગાળો દેતી વખતે જ વહે છે. તેમની બહાદૂરી મુસલમાનોને ગાળો દેતી વખતે ખીલે છે. ચીને ભારતની ભૂમિ પર કબજો કર્યો. પણ ચૂપ! ઓપરેશન સિંદૂરમાં ભારતનાં વિમાનો તૂટી રહ્યાં હતાં, ચીન પાકિસ્તાનની પછવાડે હતું, ભારત ફસાઈ ગયું હતું અને મેં યુદ્ધવિરામ કરાવ્યું એમ અમેરિકન પ્રમુખ ટ્રમ્પે એક ડઝન વાર દાવો કર્યો છે પણ વડા પ્રધાન તેનો નકાર કરવા મોઢું ખોલતા નથી. અમેરિકાની દાદાગીરી સામે ઝૂકીને ભારતે રશિયન તેલની આયાત ઘટાડવી પડી, પણ વડા પ્રધાન ચૂપ. ટ્રમ્પની ટેરીફ દાદાગીરી ચાલી રહી છે, પણ વડા પ્રધાન ચૂપ. ટ્રેડ એગ્રિમેન્ટમાં ભારતે પોતાનાં કાંડા કાપી આપ્યા એની વિગતો વૉશિંગ્ટન આપે અને ભારત તેનો નકાર પણ ન કરે. ઈઝરાયેલના ખરાબ વર્તનનો આખું જગત વિરોધ કરે છે, પણ આપણા સાહેબ ચૂપ. એ પણ એક પ્રકારની પ્રતિક્રિયા છે. ઈરાનના ધાર્મિક નેતા અને શાસક ખામેનીની હત્યા કરવામાં આવી એ પછી તેમને અંજલિ આપવામાં ભારતે છ દિવસ લગાડ્યા. એન્કલ સેમનો ડર લાગતો હતો. શાંતિ કાજે ભારતનાં સમુદ્રમાં પરેડ કરવા આવેલા ઈરાની જહાજને અમેરિકાએ હિન્દી મહાસાગરમાં તોડી પાડ્યું, પણ ભારતે હજુ સુધી વિરોધ નોંધાવ્યો નથી. તો વાતનો સાર એ કે સાચી નક્કર તાકાત હોય સાચું બોલવાની તાકાત આવે. અથવા કાળજામાં તાકાત હોય તો સાચું બોલવાની તાકાત આવે. ગાંધી અને નેહરુ એ તાકાત ધરાવતા હતા. જો એ બેમાંથી કાંઈ ન હોય તો ખરે ટાણે મૂંગા રહેવું પડે!●

## કાકુરો



» અહીં ૮x૯ના ખાનાવાળા ચોરસ આપેલ છે.
» ચોરસના અમુક ખાનામાં ત્રિકોણમાં અંક દર્શાવ્યા છે.
» બાકીનાં ખાલી ખાનામાં ૧ થી ૯ નો અંક આવી રીતે લખવો જેનો સરવાળો ત્રિકોણમાં આપેલ અંક જેટલો થવો જોઇએ.
» કોઇ પણ અંકનો બીજી વખત ઉપયોગ કરવો નહિ (એક જ સંખ્યામાં)

→ આડી લાઇન
↓ ઊભી લાઇન

### કાકુરો- નો ઉકેલ

